**અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ**

***15/4/1385 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર) **:** પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૩/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૩૦૬૮ (અગ્રતા–૩૫) ના અનુસંધાને **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં ૧૧ કરોડ અને વર્ષ ૨૦૨૨–૨૩માં ૧૧ કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવેલી તે પૈકી તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ થી કેવડીયા સી પ્લેન પ્રોજેક્ટ માટે કુલ રૂ.૧૭,૫૦,૨૫,૫૪૯/–(રૂપિયા સત્તર કરોડ પચાસ લાખ પચ્ચીસ હજાર પાંચસો ઓગણ પચાસ પૂરા) નો ખર્ચ થયેલ છે. જ્યારે વર્ષ ૨૦૨૧–૨૨ માં કોરોના મહામારી તેમજ વર્ષ ૨૦૨૨–૨૩ માં સી–પ્લેન સેવા કાર્યરત ન થતા અને તે સંદર્ભે વહીવટી ખર્ચ પર કાપ મૂકતા કુલ રૂ.૪,૪૯,૭૪,૪૫૧/– (રૂપિયા ચાર કરોડ ઓગણ પચાસ લાખ ચુમોત્તેર હજાર ચારસો એકાવન પૂરા)ની રકમ વણવપરાયેલી રહી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રોજેક્ટ કાર્યરત છે કે કેમ? | (૨) | ના. જી, |

------------